અપીલ અરજી નં.૧૧૬ તા.૨૮–૭–૦૯/૧૦

અરજદાર:– શ્રી કાન્તીભાઈ દોલતભાઈ પટેલ
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકત:–***

***વિષય:–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાન્તીભાઈ દોલતભાઈ પટેલની આઈ ડી નં.૯૬ તા.૧૬–૬–૦૯ ની અરજીથી મોટા વરાછા બ્લોક નં.૧૩૩ માં બનતી સાગર સોસાયટીના પ્લાન મુજબ તે બનતી સોસા.થી બ્લોક નં.૧૩૪ માં આવેલ નાથુનગરમાં આવતા પ્રાઈવેટ રસ્તાનો ઉપયોગ તથા દબાણ થતું દુર કરવા અંગે તા.૨૦–૨–૦૭ થી તા.૫–૬–૦૯ દરમ્યાન લીધેલા પગલા કે કરેલી તપાસની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૬/૨૦૦૯–૧૦

શ્રી કાન્તીભાઈ દોલતભાઈ પટેલની આઈ ડી નં.૯૬ તા.૧૬–૬–૦૯ ની અરજીથી મોટા વરાછા બ્લોક નં.૧૩૩ માં બનતી સાગર સોસાયટીના પ્લાન મુજબ તે બનતી સોસા.થી બ્લોક નં.૧૩૪ માં આવેલ નાથુનગરમાં આવતા પ્રાઈવેટ રસ્તાનો ઉપયોગ તથા દબાણ થતું દુર કરવા અંગે તા.૨૦–૨–૦૭ થી તા.૫–૬–૦૯ દરમ્યાન લીધેલા પગલા કે કરેલી તપાસની માહિતી બાબતે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૬ તા.૩૦–૬–૦૯ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૬ તા.૩૧–૭–૦૯ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને કઈ માહિતી અંગે શા કારણથી નારાજગી છે તે અંગેની વિગતો અને આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એપેલ ેટ આરટીઆઈ ૯૬ તા.૭–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૬–૦૯ ના રોજ વરાછાઝોન આઈ ડી નં.૯૬ થી કરેલ અરજીથી તા.૨૦–૨–૦૭ ની રસ્તો ખુલ્લો કરવા બાબતે તથા તા.૨૫–૩–૦૮ પ્લાન વિરુધ્ધનુ બાંધકામ તથા તા.૨૨–૧૦–૦૮ ની રસ્તા તરફનું બાંધકામ દુર કરવા બાબતે અરજીઓ કરવામાં આવેલ. જે અંગે તા.૧૬–૩–૦૯ ના રોજ પૂર્વઝોન/ટીડીઓ/નં.૨૧૬૨ થી મોકલેલ ટપાલ યોગ્ય પુરાવા બાબતે તા.૧૩–૪–૦૯ ના રોજ ૫(પાંચમી) અરજીથી અરજદારે જવાબના રૂપમાં લખેલ છે અને આપેલ છે. જે અંગે અરજદારે લીધેલા પગલા કે કરેલી તપાસના રીપોર્ટની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૯૬ તા.૩૦–૬–૦૯ ના પત્રથી આપેલ માહિતીમાં ડ્રાફટ ટીપી સ્કીમ નં.૧૮ મોટા વરાછા બ્લોક નં.૧૩૩ માં આવેલ સાગર સોસાયટીના લે આઉટ પ્લાન સુડા ધ્વારા મંજુર થયેલ હોવાની, પ્રશ્નવાળી જગ્યા સંદર્ભે કોઈ ટીપી રસ્તો સૂચિત થયેલ નહીં હોવાની તથા માર્જીનની જગ્યામાં સ્થળ પરના પ્લોટ નં.૪ માં તથા ૧,૫,૬,૭ માં તેમના તા.૧૯–૪–૦૮, ૪–૧૨–૦૮ તથા તા.૨૩–૧૨–૦૮ ના પત્રોથી કરેલ કાર્યવાહીની વિગતો આપેલ છે. વધુમાં જણાવેલ છે કે તા.૧૩–૪–૦૯ ના રોજ મદ્રેસા સ્કુલના ટ્રસ્ટીએ ઈબ્રાહીમભાઈ હુસેનભાઈ દેસાઈ સાથે તા.૨૦–૯–૭૨ ના રોજ કરેલ દસ્તાવેજની નકલ રજૂ કરેલ છે પરંતુ ઉકત દસ્તાવેજમાં રસ્તાની પહોળાઈ બાબતનો કોઈ ઉલ્લેખ નથી. જયારે મદ્રેસા ઈસ્લામીયા હાઈસ્કુલ તથા શાંતાબેન ઝીણાભાઈ તરફથી કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આમ દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ હોય તેવું જણાય છે. આમ આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે અપીલ અરજીમાં આપેલ જવાબ સંતોષકારક લાગતો નથી તેમ જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ તે અંગે અરજદારે અરજી સાથે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી કે અપીલ તબકકે પણ તક આપવા છતાં શા કારણથી નારાજગી છે તેની વિગતોના આધાર અને વાજબીપણું રજૂ કરેલ નથી. પરંતુ પ્લોટ નં.૧,૫, ૬ તથા ૭ મિલ્કતદારોને નોટીસ આપવામાં આવેલ છતાં બાંધકામ થઈ ગયેલ છ જે પ્લાન વિરુધ્ધનું છે. નોટીસ આપ્યા બાદ સ્થળ તપાસની દરકાર લીધી નથી અને ગેરકાયદેસર બાંધકામ થઈ રહયા છે જે તોડી પાડવાની જરૂર છે તથા સાગર સોસા.ના પ્લોટ નં.૧ થી ૭ ના મિલ્કતદારોએ ગાળાની ઉત્તરે સોસા.ના ફા.પ્લોટ નં.૧૦ પૈકી માર્જીનની જગ્યામાં જાહેર રસ્તાનો ઉપયોગ કરવા બાંહેધરી પત્રક રજૂ કરેલ છે જેના આધારે સ્થળ ઉપરની પરિસ્થિતિ શું છે અને હાલ સ્થળ ઉપર માર્જીનની જગ્યા છોડવામાં આવેલ નથી તથા બ્લોક નં.૧૩૪ વાળી નાથુનગર સોસા.ના રસ્તા ઉપર દબાણ કરી બાંધકામ કરવામાં આવેલ છે વિગેરે બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અરજી અંગે માહિતી બાબતે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર અપીલમાં કરેલ કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ: –૮ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાન્તીભાઈ દોલતભાઈ પટેલ,